Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

સંબંધોની પરીક્ષા ના લેવી, સામેવાળા નાપાસ થશે, તો પણ, તમે દુઃખી થશો..

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 22 ● Issue No. - 274 ● 1st July 2026 Price Rs. 2/- ● Pages-12

જાગૃતિ • માહિતી • પ્રવૃત્તિ • પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444
સહ સંપાદક : રમેશભાઈ સી. શાહ 94263 84275

વિજયભાઈ કે. શાહ............(બોરીયાવી) 9998602896
ભાઈલાલભાઈ એન. ગાંધી.........(સમોડા) 9925722324
ભાવેશભાઈ એમ. શાહ.............(ભાલક) 9427702080
જશવંતભાઈ પી. શાહ..............(ભાલક) 9974716584
સંદિપભાઈ એસ. શાહ.........(બોકરવાડા) 9825787549

**મેનેજીંગ ટ્રસ્ટી**

બકુભાઈ સી. ગાંધી (સમોડા) 98250 96444

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................ (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ...................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ.................. (મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ............... (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ.................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................ (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી................(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ..................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ.......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી.............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................ (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉંનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ...............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ..................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ..................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ........................ (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ...............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ. મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)...........(સમોડા)
સ્વ. ગાંધી બાબુલાલ રસિકલાલ....................(રણુંજ)
સ્વ. બેલાબેન ભરતભાઈ કેશવલાલ શાહ...........(રણુંજ)
શ્રીમતી હંસાબેન જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ..(બોરીયાવી)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિજનો,

વાસણા ખાતે સાંસ્કૃતિક ભવન, અમદાવાદ, જ્ઞાતિમંડળના હોલ-ગ્રાઉન્ડ ફલોર પર મેઈન ગેટ તરફ ઉપરના ભાગમાં ખુલ્લી જગ્યા હતી. ગ્રાઉન્ડ ફલોર પર નીચેના હોલની જગ્યા બુક કરાવનાર પાર્ટીને અતિશય ગરમી કે વરસાદને લીધે અગવડ પડતી હતી. તેથી આ નીચેના હોલના સમગ્ર ભાગમાં નવીનીકરણ કરીને શેડ બનાવવામાં આવેલ છે.

તેથી હોલના વપરાશ માટે તા.૦૧-૦૭-૨૦૨૬ થી અમલમાં આવે તે રીતે નીચે મુજબ મેન્ટેનન્સ દર (ફેરફાર) નક્કી કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| • ગ્રાઉન્ડ ફલોર - નીચેનો હોલ રસોડા સાથે | ૧૫૦૦૦.૦૦ |
| • કાર્યાલયની બાજુનો રૂમ | ૨૦૦૦.૦૦ |
| • ઉપર પહેલા માળે બે રૂમના | ૩૦૦૦.૦૦ |
| • ઉપર પ્લેટીનમ હોલના | ૧૦૦૦૦.૦૦ |
| • ગ્રાઉન્ડ ફલોર-નીચેનો હોલ ફક્ત બેસણા માટે | ૬૦૦૦.૦૦ |
| • ગ્રાઉન્ડ ફલોર-નીચેનો હોલ રસોડા સાથે | ૭૦૦૦.૦૦ |
| • નીચેના હોલ સાથે ઉપર પ્લેટીનમ હોલ તથા પહેલા માળે બે રૂમ | ૨૫૦૦૦.૦૦ |
| • જો નીચેનો હોલ બપોર બાદ ૪ કલાક માટે રાખવો હોય અથવા ઉપરનો પ્લેટીનમ હોલ ૪ કલાક માટે રાખવો હોય તો | ૫૦૦૦.૦૦ |

**ખાસ નોંધ :-** ઉપરોક્ત જગ્યા ૪ કલાક માટે રાખવી હોયતો ૭ (સાત) દિવસ અગાઉ જ બુકીંગ થશે. તે અગાઉ એડવાન્સ બુકીંગ નહિ થાય. જો ૪ કલાકથી વધુ સમય માટે હોલ રાખવો પડે તો વધારાના દરેક કલાકના રૂા. ૫૦૦/- લેખે મેન્ટેનન્સ અલગથી લેવામાં આવશે.

ઉપરોક્ત બધા મેન્ટેનન્સ દરમાં (રકમમાં) જ્ઞાતિના સભ્યબંધુને ૩૫% થી વધારીને હવે ૪૦% ડિસ્કાઉન્ટ આપવાનું નક્કી થયેલ છે.

બેસણા માટે જ્ઞાતિબંધુ પાસેથી હોલનું ભાડું લેવામાં આવતું નથી તે નિયમ અગાઉથી જેમ યથાવત રાખવામાં આવેલ છે, તેમાં કોઈ ફેરફાર નથી.

અમદાવાદ જ્ઞાતિમંડળના કોઈ સભ્યનું અવસાન થાય ત્યારે તત્કાલ સહાય યોજના અંતર્ગત રૂા.૫૦૦૦/- તત્કાલ સહાય આપવાનું નક્કી થયેલ છે.

આ સહાય અમદાવાદ મહિલા મંડળના પ્રમુખશ્રી અથવા મહિલા મંડળના અન્ય પ્રતિનિધી રૂબરૂ મુલાકાત લેશે.

અમદાવાદ જ્ઞાતિમંડળના કોઈ મહિલાના પરિવારની આર્થિક સ્થિતી નબળી હોય અને તેમના પતિ હોસ્પિટાલાઈઝ થયા હોય તેવા સંજોગોમાં અને તેમણે આર્થિક સહયોગ માટે અમદાવાદ જ્ઞાતિમંડળમાં રજૂઆત કરી હોય તો અમદાવાદ મંડળ વતી અમદાવાદ મહિલા મંડળના પ્રમુખશ્રી અથવા મહિલા મંડળના અન્ય પ્રતિનિધી તેમના પત્નીને રૂબરૂ રૂા.૫૦૦૦/-ની તત્કાલ મેડિકલ સહાય આપવા જશે.

## પરિવાર પત્રિકા

સૌજન્ય દાતા
(જાન્યુઆરી-૨૬ થી ડિસેમ્બર-૨૭)



### શ્રી શશીકાન્ત સ્વરૂપચંદ તિજોરીવાલા

લુણાવા-મંડાલી મુંબઈ, (ઉ.વર્ષ: ૮૭)
જન્મ તા. ૧૭-૯-૧૯૩૮ • સ્વ. તા. ૨૦-૯-૨૦૨૫

પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને સાચી શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના.

સદ્ગતની સ્મૃતિમાં

કેતન કેયુર કેતકી
અલ્કા શ્વેતા અક્ષય

સ્વ. ઈન્દિરાબેન શશીકાન્તભાઈ તિજોરીવાલા
પરિવાર તરફથી
અમદાવાદ બહારના ભારતમાં વસતા
તમામ જ્ઞાતિજનોને ''પરિવાર પત્રિકા''
મોકલવામાં આવશે.

### મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

### પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

જ્ઞાતિજનો, પરિવાર પત્રિકામાં આપની ધંધાકિય, વ્યાવસાયિક જાહેરાત માત્ર રૂા.૬૦૦/-માં આપી શકાય છે. તેની સાઈઝ ૬ સે.મી. x ૯ સે.મી. રહેશે. આ મામૂલી રકમની જાહેરાત સમગ્ર જ્ઞાતિમાં થાય અને વ્યવસાયમાં વૃધ્ધિ થાય તો આ યોજનાનો લાભ લેવા વિનંતી.

અમદાવાદ જ્ઞાતિમંડળનું સભ્યપદ હજુ પણ ન મેળવ્યું હોય તેમણે મંડળની ઓફિસે પધારીને આજીવન સભ્યપદ મેળવી લેવા વિનંતી.

મેડિકલ સહાય યોજના અંતર્ગત અમદાવાદ જ્ઞાતિ મંડળ દ્વારા જ્ઞાતિના હોલમાં ડૉ.શ્વેતાબેન આર. શાહ દ્વારા હોમિયોપેથીક માર્ગદર્શન, દવા દર મહિને ઓલ્ટરનેટ ગુરુવારે નિ:શુલ્ક આપવામાં આવે છે. આ બાબતે વોટ્સએપ મેસેજ મંડળના ગ્રુપમાં મોકલવામાં આવે છે તો સર્વ જ્ઞાતિજનોને લાભ લેવા વિનંતી.

સમયક્ જ્ઞાન પ્રસાર નિધિ અંતર્ગત જ્ઞાતિના હોલમાં પાઠશાળા કાર્યરત છે. અમદાવાદના સૌ જ્ઞાતિજનોને આ પાઠશાળાનો લાભ લેવા વિનંતી.

અમદાવાદ જ્ઞાતિમંડળ, વાસણા, કાર્યાલયનો સમય સવારે ૧૦-૩૦ થી ૧-૦૦ કલાક અને બપોર બાદ ૩-૦૦ થી ૭-૦૦ કલાક સુધીનો છે. સોમવારે કાર્યાલય બંધ રહેશે. છતાં પણ ઉપરોક્ત દર્શાવેલ કાર્યાલય સમય સિવાય સમગ્ર જ્ઞાતિના કોઈપણ જ્ઞાતિબંધુને કામકાજ હોય તો અમદાવાદ જ્ઞાતિમંડળ હેલ્પ લાઈન નં. ૭૦૪૬૬૦૨૩૭૫ ઉપર સંપર્ક કરવા વિનંતી. અત્રે કાર્યાલય સંચાલનનું કામકાજ શ્રી મુકેશભાઈ એસ. શાહ (ઉનાવા) ખૂબ નિષ્ઠાપૂર્વક સંભાળી રહ્યા છે.

શ્રી ભાવેશભાઈ એમ. શાહ-મંત્રી ❁ શ્રી રમેશભાઈ સી. શાહ-સહમંત્રી

### શ્રીમતી સીતાબેન સોમચંદ નગીનદાસ શાહ (ભાલક-હાલ: પૂના) પરિવારના સૌજન્યથી શરૂ થયેલ શુભ લગ્ન યોજના

તા.૨૦.૦૬.૨૬



શનિવાર

શ્રીમતી વંદનાબેન શૈલેષભાઈ નટવરલાલ ગાંધી (સમોડા-અમદાવાદ) ની સુપુત્રી **ચી.ભૂમિ** ના શુભલગ્ન શ્રીમતી નીલાબેન દિલીપભાઈ શાહ (વરતેજ-ભાવનગર હાલ : અમદાવાદ) ના સુપુત્ર **ચી.ધ્રુવેશકુમાર** સાથે **તા.૨૦.૦૬.૨૬** ને **શનિવારે** અમદાવાદ જ્ઞાતિ મંડળની શુભલગ્ન યોજના અંતર્ગત જ્ઞાતિ મંડળ હોલમાં યોજવામાં આવેલ. અમદાવાદ જ્ઞાતિ મંડળ આ નવદંપતીને આશિર્વાદ સહ શુભેચ્છા પાઠવે છે

કન્વીનર : શ્રી ભાઈલાલભાઈ એન ગાંધી (સમોડા) મો.: ૯૯૨૫૭ ૨૨૩૨૪ | સહ કન્વીનર : શ્રી મિહિરભાઈ એચ. શાહ મો.: ૯૮૯૮૨ ૫૮૫૧૫



મંજુલાબેન ચીનુભાઈ શાહ, ભાલક
(ભાલક-હાલ:અમદાવાદ)
જન્મ તા.૧૫-૦૯-૧૯૩૯ ◎ સ્વ.૦૫-૦૪-૨૦૨૪

ઇચ્છા ઓ જ્યારે ''વાસ્તવિકતા''નો ઉંબરો ઓળંગે, ત્યારે તકલીફોને જીવન માં ''પ્રવેશવા''ની તક મળે છે.

રાજેશકુમાર ચીનુભાઈ શાહ
હેમાબેન રાજેશકુમાર શાહ
અનાલી • રોમીલ • રીમા • રવિકુમાર
રીવા • કહાન • કીયાન

# શોધે તેને જડે.....
# માગે તેને મળે.... શું.....?

સંપાદકીય લેખ

વાત સામાન્ય છે અને સાચી છે. આપણી રોજીંદી જિંદગીમાં આપણી કોઈ વસ્તુ... જેવી કે ચાવી, ચશ્મા, પેન, ફાઈલ કે રસોડાની કોઈ ચીજ ન જડતી હોય (**Misplace** થઈ હોય) તો આપણે ઘરમાં, ઓફિસમાં ડ્રોઅર-ખાનાઓમાં, અભરાઈમાં કે અન્યત્ર શોધીએ છીએ તો મળી જાય છે. આપણા કોઈ સંબંધી, પરિચિતનો સંપર્ક નંબર યાદ ન આવે તો ડાયરી, ડિરેક્ટરીમાં,વસ્તીપત્રકમાં શોધીએ અથવા સ્વજનને પૂછીએ તો મળી જાય. કોઈ અજાણ્યા શહેરમાં કે નવા એરિયામાં કે પ્રવાસના સ્થળે-કોઈનું ઘર, હોટલ કે પ્રસંગનું સ્થળ ન જડે તો સ્થાનિક દુકાનદારને પૂછવાથી કે **Google/GPSC** ની મદદથી **Destination** સુધી પહોંચી શકીએ છીએ. **Youtube** દ્વારા કોઈ પણ વિષયની કોઈ પણ માહિતી તરત ઉપલબ્ધ થાય છે. બરાબરને? પણ શોધવાનો પ્રયાસ, મહેનત કર્યા વગર ન મળે. ઈચ્છિત ચીજ-વસ્તુ કે



માહિતી મેળવવા પ્રયત્ન તો કરવો જ પડે. **A will will find a way** મન-ઈચ્છા સંકલ્પ હોય તો માળવે (મંજિલે) જવાય.

ઉપરોક્ત બાબતો તો વ્યક્તિગત કે અંગત જરૂરિયાતો માટે થઈ. પરંતુ ખરેખર શું શોધવું જોઈએ? પત્થરયુગના માનવથી માંડીને આ ૨૧મી સદીના વિશ્વના સર્વ સંશોધકોએ માનવીની અગવડ દૂર કરવા જે ઉપયોગી શોધો કરી તેના મૂળમાં આ સત્ય વાક્ય રહેલું છે કે **Necessity is the Mother of invention** જરૂરિયાત, એ શોધની જનેતા છે. જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે તે સમયના વૈજ્ઞાનિકોએ, સંશોધકોએ ટાંકણીથી માંડીને મોટા યંત્રો, રેડિયો, ટેલિફોન, ટી.વી., મોબાઈલ, વિમાન, રેલ્વે એન્જિન, અવકાશયાન, રોકેટ, સબમરીન, રેફ્રિજરેટર, વોશીંગ મશીન, મિક્ષ્ચર, કૃષિ ઉત્પાદનના સાધનો, હોસ્પિટલના **equipments** વગેરે અનેક સામગ્રી શોધેલી છે. માનવજીવનમાં સગવડ મળે, ઉપયોગી થાય તે માટે તેમણે ઘણી મહેનત કરીને આપણા ઉપર ઉપકાર કર્યો છે. વર્તમાન સરકાર એટલા માટે જ **Start-up** ને પ્રોત્સાહન આપે છે. તો આવું શોધવું જોઈએ.

એવી રીતે 'માગે તેને મળે' તો શું માગવું જોઈએ ?

સંસારી જીવ તરીકે, આપણા સ્વાર્થી સ્વભાવ મુજબ આપણે દેવ-દેવી પાસે ભૌતિક સુખ-વ્યવસાયમાં વૃધ્ધિ, રોજગાર, ધન, વૈભવ, સંતાન-સુખ વગેરે માગીએ છીએ. પરંતુ તે વાજબી નથી. જો આપણે બેઈમાનીથી, વણ હક્કનું કે કોઈની આંતરડી કકળાવીને, સ્થાવર-જંગમ મિલકત ભેગી કરી હોય અને પરમાત્મા પાસે સુખેચ્છા અને ભવ પાર કરવાની માગણી કરીએ તો તે કેવી રીતે ફળે ? એક ભક્તિગીત "માગું હું તે આપ, પ્રભુજી....., ન માંગુ ધન-વૈભવ જેમાં મન મગરૂર ફૂલાય..." માં ભવોભવની ભક્તિ માંગે છે તે જ યોગ્ય છે. સુખ તો આપણા પૂર્વ ભવોના સંચિત પુણ્યને લીધે જ મળે.

સામાન્ય રીતે આપણે સૌ, કોઈ સિધ્ધિ ધરાવતા, આપણા જ્ઞાની પ.પૂ. આચાર્ય ભગવંતો, સંતો-મહાત્માઓ પાસે જઈને, ભૌતિક સુખ-સમૃધ્ધિના આશીર્વાદ માગતા હોઈએ છીએ અને તેઓ વાસક્ષેપ નાખીને આશીર્વાદ આપે છે પરંતુ તેમના અંતરતલમાં તો એમ જ હોય છે કે આ ભાવિક જન ઉત્કૃષ્ટ ભક્તિ કરીને મોક્ષમાર્ગે આગળ વધે તેવી જ શુભ ભાવના હોય છે.

પરમ તત્વને પામવા, ભવના ફેરા ફરવા ન પડે તે માટે, પ.પૂ. આચાર્ય મહાત્માઓ, પૂ. સાધુ-સાધ્વીઓ જે તપસ્યા, સાધના કરે છે તેવી ભક્તિ અને સાધના કરવી અનિવાર્ય છે. નવકારવાળી ગણતાં ગણતાં પણ જો આપણે એકચિત્ત, એકાગ્રતા ન કેળવી શકતા હોઈએ તો પરમાત્મા કેવી રીતે મળે? તેને માટે આપણામાં **Mental Preparation, Perspiration** (પરસેવો, મહેનત) **Persistant Perseverance** (દઢ સતત પ્રયાસ) અને **Pursuit** (ધ્યેયનો પીછો કરવાનો સંકલ્પ) હોવો જોઈએ.

શાસ્ત્રો મુજબ પરમાત્મા આપણા હ્રદયમાં-આત્મામાં જ વસેલા છે. પરંતુ તેમને પામવા માટે અત્યંત ઉત્કંઠા-તાલાવેલી હોવી જ જોઈએ. સંત કબીરજીએ તેમના ભજનમાં કહ્યું છે તેમ પરમાત્મા અન્યત્ર ક્યાંય નથી, આપણી અંદર જ છે.

"ખોજ્યો હોય તુરંત મિલ જાયે, પલભરકી તલાશમેં"

અસ્તુ.

બકુભાઈ સી. ગાંધી(સમોડા)-સંપાદક • રમેશભાઈ સી. શાહ(કમાણા) સહસંપાદક

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

## શૈક્ષણિક સમિતિ નો અહેવાલ

## ઉચ્ચ શૈક્ષણિક પ્રોત્સાહન યોજના અંતર્ગત

કાયમી મુખ્ય સૌજન્ય દાતા : શ્રીમતી શાહ સમુબેન કેશવલાલ ન્હાલચંદ માધવજી ની સ્મૃતિમાં
શ્રીમતી સુભદ્રાબેન સુમતિલાલ કેશવલાલ સરૈયા પરિવાર (ઉનાવા, હાલ : અમદાવાદ)
શેઠશ્રી લાલચંદ નાથાલાલ ગાંધી (મોટેરા, હાલઃ મુંબઈ)

સહાયક કાયમી સૌજન્ય દાતા : સ્વ. વિમળાબેન રસિકલાલ ચીમનલાલ શાહ (લણવા હાલઃ અમદાવાદ)
સુપુત્રી સરોજબેન મુકેશકુમાર શાહ (ભાલકઃ અમદાવાદ)



દર વર્ષની જેમ આ વર્ષે પણ (**Full Scape 144** પેજના ) અભ્યાસ કરતાં દરેક વિદ્યાર્થી દીઠ બે ડઝન ચોપડા તેમજ પાઉચમાં (૫ નંગ બોલપેન , સ્કેલ, **Eraser, Sharpener Pencil** , પુશ પેન્સિલ અને ૧૦ નંગ એક્સ્ટ્રા લીડ) નું ૧ નંગ પાઉચનું વિતરણ કરવામાં આવ્યુ હતું. પરંતુ આ યોજનાનો લાભ જે સભ્યો અમદાવાદ જ્ઞાતિ મંડળનું સભ્યપદ ધરાવતા હોય અને તેમના અભ્યાસ કરતા સંતાનને જ...તેમ જ જેમણે **Google Form** દ્વારા નોંધણી કરાવી હોય તેમને જ આ લાભ આપવામાં આવ્યો હતો.

આમ આ વર્ષે આ લાભ રાહત દરે એટલે કે રૂા. ૧૫૦/– પ્રતિ ડઝન ના દરે ૧ વિદ્યાર્થી દીઠ વધુ માં વધુ ૨ ડઝન ચોપડા અને ( પેન પાઉચ નો સેટ વિદ્યાર્થી દીઠ નિ:શુલ્ક) આપવામાં આવ્યો હતો. એટલે કે ૧ વિદ્યાર્થી દીઠ રૂા.૭૮૦/– રૂપિયાની કીટનું વિતરણ રાહતદરે માત્ર રૂા.૩૦૦/– લેખે કરવામાં આવ્યું હતું.એટલે કે ૧ વિદ્યાર્થી દીઠ રૂા.૪૮૦/– ની રાહત આપવામાં આવી હતી.

આ યોજનાનો લાભ સમાજના ૨૨૦ વિદ્યાર્થીઓએ લીધો હતો. આ વિતરણ ની વ્યવસ્થા તારીખ ૨૪ /૫ /૨૦૨૬ અને ૩૧/ ૫ /૨૦૨૬ એમ બે રવિવાર દરમિયાન સવારે ૧૦ થી ૫ વાગ્યા સુધી વાસણા મંડળના હોલ ઉપર તેમજ પૂર્વ વિસ્તાર માટે શ્રી અંકિતભાઈ અશોકભાઈ શાહ (ભાલક) કૃષ્ણનગરના નિવાસસ્થાનેથી વ્યવસ્થા કરવામાં આવી હતી. આવનાર દરેક સભ્યોને ગરમીમાં રાહત મળે તે હેતુથી લીંબુના ઠંડા પીણા નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બકુભાઇ ગાંધી, પ્રમુખ શ્રી વિજયભાઈ કે શાહ, ઉપપ્રમુખ શ્રી ભાઈલાલભાઈ ગાંધી, મંત્રી શ્રી ભાવેશભાઈ શાહ ના સલાહ– સૂચન – સહયોગ પ્રાપ્ત થયા તે બદલ શૈક્ષણિક સમિતિ તેમનો આભાર માને છે. વળી શૈક્ષણિક સમિતિના કન્વીનર શ્રી સંદીપભાઈ એસ.શાહ, સહ કન્વીનર શ્રી ઉન્મેષભાઈ શાહ તથા સભ્યશ્રીઓ શ્રી ભરતભાઈ એમ. શાહ, શ્રી રમેશભાઈ સી. શાહ, શ્રી તેજસભાઈ એસ. શાહ બંને રવિવારે તેમજ શ્રી મિહિરભાઈ એચ. શાહે પણ એક રવિવાર ના રોજ સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપીને નિષ્ઠાપૂર્વક સેવા આપેલ છે.

તે જ રીતે કૃષ્ણનગર સેન્ટર ખાતે શ્રી અંકિતભાઈ અશોકભાઈ શાહે (ભાલક) પણ બંને રવિવારે પૂર્વ વિસ્તાર માટેના સભ્યો માટે મંડળને નિષ્ઠાપૂર્વક સેવા આપેલ છે.. આવનાર સભ્યોને ગરમીમાં રાહત મળે તે હેતુ ઠંડા શરબત ની વ્યવસ્થા કરી હતી.. અમદાવાદ જ્ઞાતિ મંડળ આ સર્વેનો હૃદયપૂર્વક ધન્યવાદ સહ આભાર માને છે.

ફુલ સ્કેપ ચોપડા ૪૧ ડઝન સ્ટોક વધેલ તે પડતર કિંમતે રૂા.૩૬૦/– પ્રતિ ડઝન ના ભાવે તેમજ ૨૪ નંગ પેન સેટ સાથેનું પ્રતિ પાઉચ રૂા.૬૦/– ના પડતર ભાવે સભ્યો માટે વેચાણ અર્થે મૂકેલ છે.

**રિમાઇન્ડર :**

પરિવાર પત્રિકાના ગયા અંકમાં જાહેર કર્યા મુજબ ધોરણ ૧ થી ૧૦ તેમજ ધોરણ ૧૧ ,૧૨ સાયન્સ, કોમર્સ ,આર્ટસમાં ૭૫% કે તેથી વધુ ટકા મેળવેલ હોય તેવા વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીઓ અને ઉચ્ચ શિક્ષણની વિવિધ ફેકલ્ટીઝમાં ડિગ્રી, ડિપ્લોમા વગેરેમાં ઉતિર્ણ થયેલા વિદ્યાર્થી/ વિદ્યાર્થિનીઓએ પણ પોતાની માર્કશીટ જ્ઞાતિમંડળના હોલ, વાસણા પર રૂબરૂ આવીને માર્કશીટ માટેનું ફોર્મ ભરીને **તારીખ ૩૧/૭/૨૦૨૬** સુધીમાં આપવાની રહેશે **ત્યારબાદ ફોર્મ સ્વીકારવામાં નહી આવે તેની ખાસ નોંધ લેવી.** અહીયા આવેલી માર્કશીટ જ ઇનામને પાત્ર થશે તેની ખાસ નોંધ લેવી. ગયા વર્ષથી ગ્રેડ વાળી માર્કશીટ પણ સ્વીકારવામાં આવે છે તો જેમને પણ **A+, A, B+** ગ્રેડ આવ્યો હોય તેઓ પણ પોતાની માર્કશીટ રજૂ કરી શકશે.

### ઉચ્ચ શિક્ષણ માટે શૈક્ષણિક પ્રોત્સાહન માટેના ફોર્મ અંગે અગત્યની સૂચના

ધોરણ ૧૧ –૧૨ તથા ઉચ્ચ શિક્ષણ માટે શૈક્ષણિક પ્રોત્સાહન સહાય લેવા ઇચ્છતા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓએ જરૂરી પુરાવા જે નીચે મુજબ લખેલા છે તે લઈને મંડળની ઓફિસે રૂબરૂ આવીને, નિયત ફોર્મ ભરીને **તારીખ ૫/૭/૨૦૨૬ થી ૩૧/૭/૨૦૨૬ સુધીમાં આપી જવું .** ત્યારબાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

નીચે મુજબની વિગતો સાથે આવવું, **ફોર્મ ઘરે આપવામાં આવશે નહીં તેની ખાસ નોંધ લેશો.**

**૧. વિદ્યાર્થીની માર્કશીટ, ૨. વિદ્યાર્થીની આધાર કાર્ડ ની ઝેરોક્ષ કોપી, ૩. વિદ્યાર્થીના પિતાની આધાર કાર્ડ ની ઝેરોક્ષ કોપી, ૪. કોલેજના લેટરપેડ ઉપર આખા વર્ષની ફીની માહિતી, ૫. કોલેજમાં જે નામનો ચેક લેવાનો હોય તે નામની સંપૂર્ણ વિગત**

કન્વીનર: શ્રી સંદીપભાઈ એસ શાહ (બોકરવાડા) ● સહ કન્વીનર: શ્રી ઉન્મેશભાઈ એન શાહ (ઉનાવા)

## સમાજના સભ્ય પરિવારના જન્મ દિવસ પર શુભેચ્છા

# દશે દિશાઓમાંથી દરેકને મન ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના...



**આરના કુશલભાઈ શાહ**
ગામ : મણુંદ હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૮૨૪૧ ૬૫૯૧૦
જન્મ તારીખ : ૦૨ જુલાઈ



**મયુરભાઈ કેશવલાલ ગાંધી**
ગામ : રણુંજ હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૪૨૬૧ ૭૩૩૮૩
જન્મ તારીખ : ૦૬ જુલાઈ



**પ્રાચી અરવિંદકુમાર શાહ**
ગામ : ઉનાવા હાલ : પુના
મોબાઈલ : +૯૧ ૯૯૭૦૯ ૭૬૬૯૫
જન્મ તારીખ : ૦૯ જુલાઈ



**કુશલ નિતિનકુમાર શાહ**
ગામ : મણુદ હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૮૨૪૧ ૬૫૯૧૦
જન્મ તારીખ : ૧૩ જુલાઈ



**દેવલબેન કિરણભાઈ શાહ**
ગામ : તરભ હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૯૯૮૪ ૧૬૧૬૧
જન્મ તારીખ : ૧૩ જુલાઈ



**વિજય કનૈયાલાલ શાહ**
ગામ : બોરીઆવી હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૯૯૮૬ ૦૨૮૯૬
જન્મ તારીખ : ૨૭ જુલાઈ



**ચંદ્રાબેન ઉપેન્દ્રભાઇ શાહ**
ગામ : ખરોડ હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૮૨૫૨ ૭૮૪૭૮
જન્મ તારીખ : ૩૦ જુલાઈ

## શુભ લગ્ન ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

તા.૨૦.૦૬.૨૬ શનિવાર ના શુભલગ્ન પ્રસંગે

**રૂ.૧૧૧૧૧/-** શ્રીમતી વંદનાબેન શૈલેષભાઈ નટવરલાલ ગાંધી તરફથી **ચી.ભૂમિ** ના લગ્ન નિમિત્તે તથા
**રૂ.૫,૧૧૧/-** શ્રીમતી નીલાબેન દિલીપભાઈ શાહ તરફથી **ચિ.ધ્રુવેશ** ના લગ્ન નિમિત્તે
શુભલગ્ન ખાતે મળેલ જેની અમદાવાદ જ્ઞાતિ મંડળ ખૂબ ખૂબ અનુમોદના કરે છે.

## શુભ લગ્ન યોજના

**શ્રીમતી સીતાબેન સોમચંદ નગીનદાસ શાહ (ભાલક-હાલઃ પૂના)** પરિવારના સૌજન્યથી શરૂ થયેલ
શુભ લગ્ન યોજના અંતર્ગત તા.૧૯-૦૭-૨૦૨૬, રવિવારે વાસણા જ્ઞાતિહોલમાં
શ્રીમતી રેખાબેન ગીરીશભાઈપોપટલાલ શાહ (ભાલક, હાલ : અમદાવાદ) ની સુપુત્રી **ચિ.ક્રિના**
શ્રીમતી નૂતનબેન મુકેશભાઈ બિહારીલાલ ચોકસી (અમદાવાદ) ના સુપુત્ર **ચિ. પ્રિયાંક** સાથે લગ્નગ્રંથિથી જોડાશે.
અમદાવાદ જ્ઞાતિમંડળ આ યુગલને સુખી દામ્પત્યની શુભેચ્છા પાઠવે છે.

# ❁ શ્રી સુડતાળીસ જૈન જ્ઞાતિ મંડળ, પુના ❁

## એક ઐતિહાસિક સીમાચિહ્ન ૪૭ પૂણે યુથ ફોરમનું ભવ્ય ઉદ્ઘાટન

જય જિનેન્દ્ર
જે એક સમયે માત્ર એક વિઝન હતું, તે આજે વાસ્તવિકતા બની ગયું છે.

૪૭ પૂણે યુથ ફોરમના પ્રથમ આઇસ બ્રેકર કાર્યક્રમને ૭૫થી વધુ નોંધણીઓ અને ઉત્સાહભર્યાં સહભાગ સાથે જબરદસ્ત પ્રતિસાદ મળ્યો, જે આપણા સમાજની આગામી પેઢી માટે એક ઐતિહાસિક શરૂઆત સાબિત થયો છે.

આ પાયારૂપ સમારોહમાં હાજરી આપી તેનો ભાગ બનેલા દરેક યુવા સભ્ય પ્રત્યે અમે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. યુવાનોમાં જોવા મળેલો ઉત્સાહ, એકબીજા સાથે જોડાવાની આતુરતા અને એકતાની ભાવનાએ આ ફોરમના મુખ્ય હેતુને સુંદર રીતે પ્રતિબિંબિત કર્યો છે – આપણા યુવાનોને એકત્રિત કરવા, અર્થપૂર્ણ સંબંધો વિકસાવવા અને વધુ મજબૂત ભવિષ્યનું નિર્માણ કરવા. આ કાર્યક્રમને આપણા આદરણીય વડીલો અને મહાનુભાવોની ઉપસ્થિતિ તથા આશીર્વાદોથી વિશેષ ગૌરવ પ્રાપ્ત થયું. આ ઉમદા પહેલ માટે શ્રીમતી વીણાબેન શાહ (મહિલા મંડળ પ્રમુખ) અને શ્રી સુધીરભાઈ શાહ (સુડતાલીસ જ્ઞાતિ પૂણે મંડળ પ્રમુખ) દ્વારા રૂ. ૫૧,૦૦૦/– ના ઉદાર સહયોગની જાહેરાત કરવામાં આવી હતી, તે બદલ અમે તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

તેમજ શ્રી દીપકભાઈ શાહ દ્વારા રૂ. ૨૧,૦૦૦/– ના સહયોગની જાહેરાત કરવામાં આવી હતી, તે બદલ અમે તેમની પણ વિશેષ કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ. તેમનું અમૂલ્ય પ્રોત્સાહન, માર્ગદર્શન અને આર્થિક સહયોગ અમારી આ સામૂહિક યાત્રાને વધુ મજબૂત બનાવે છે."આગળની દિશા–આગળ વધતાં, અમે આ અદ્ભુત ઉત્સાહને નીચેના મુખ્ય ક્ષેત્રોમાં વિવિધ પહેલો દ્વારા સકારાત્મક દિશામાં આગળ વધારવા ઇચ્છીએ છીએ:
– સામાજિક જોડાણ: ટ્રેકિંગ, આઉટડોર સાહસિક પ્રવૃત્તિઓ અને મિત્રતાભર્યાં મેળાવડા. – રમતગમત પ્રવૃત્તિઓ: ટીમવર્ક અને તંદુરસ્તીને પ્રોત્સાહન આપતી સ્પર્ધાત્મક અને મનોરંજક પ્રવૃત્તિઓ. – કારકિર્દી માર્ગદર્શન: મેન્ટરશિપ, કૌશલ્ય વિકાસ વર્કશોપ, નેટવર્કિંગ સર્કલ્સ અને ઔદ્યોગિક મુલાકાતો. – સાંસ્કૃતિક કાર્યક્રમો: પરંપરાગત ઉજવણીઓ, કલા પ્રદર્શન અને યુવાનો દ્વારા સંચાલિત સાંસ્કૃતિક કાર્યક્રમો. – નાગરિક પ્રવૃત્તિઓ: સમાજસેવા, જનહિતના અભિયાનો અને સમાજને કંઇક પાછું આપવાના ઉદ્દેશ સાથેની પહેલો. – પૂણે હંમેશા નવા માપદંડો સ્થાપિત કરવા માટે જાણીતું રહ્યું છે, અને આપણા યુવાનોએ ગૌરવપૂર્વક એ પરંપરાને જાળવી રાખી છે. આ અસાધારણ પ્રતિસાદ આપણા સમાજમાં રહેલી એકતા, ઉત્સાહ અને અપાર ક્ષમતાનો જીવંત પુરાવો છે.

આ તો માત્ર એક શરૂઆત છે, એક ઉજ્જવળ ભવિષ્ય તરફનું પ્રથમ પગલું.

સાદર,
જેસલ અજય શાહ(પ્રમુખ) – દીપક કે. શાહ(ચેપ્ટર કોઓર્ડિનેટર) – ટીમ ૪૭ પૂણે યુથ ફોરમ






47 YOUTH FORUM
UNITED IN SPIRIT, DRIVEN BY ACTION



## A Historic Milestone: The Inauguration of the 47 Pune Youth Forum

Jai Jinendra
What was once a vision is now a reality.

The inaugural 47 Pune Youth Forum Ice Breaker Event witnessed an overwhelming response, with over 75 registrations and high-energy participation, marking a historic beginning for our community's next generation.

We extend our heartfelt gratitude to every young member who attended and became a part of this foundational ceremony. The vibrant energy, eagerness to connect, and spirit of togetherness perfectly reflected the core purpose of this Forum: to unite our youth, build meaningful bonds, and create a stronger future. The event was highly honored by the presence and blessings of our respected elders and dignitaries. We express our sincere gratitude to Shrimati Veena Ben Shah (Mahila Mandal Pramukh) and Shri Sudhirbhai Shah (Sudtalis Gnyati Pune Mandal Pramukh) for announcing a generous contribution of Rs. 51,000 toward this noble initiative. We also express our deep appreciation to Shri Deepakbhai Shah for announcing a contribution of Rs. 21,000.

Their profound encouragement, guidance, and financial support have significantly strengthened our collective journey. Moving Forward, we wish to channelise this incredible momentum inti actively driving initiatives across some core areas like :
- Social Engagement Outdoor trekking adventures and casual meetups.- Sports Activities: Competitive and recreational events focused on teamwork and fitness. - Career Guidance: Mentorship, skill-sharpening workshops, networking circles, and industrial visits. - Cultural Events: Traditional gatherings, arts showcases, and youth-led cultural celebrations. - Civic Activities: Community service, civic drives, and initiatives aimed at giving back to society.

Pune has always been known for setting benchmarks, and our youth have proudly upheld that legacy. This exceptional turnout is a testament to the unity, enthusiasm, and immense potential within our community. This is just the first step toward a very bright future.

Warm Regards,
Jesal Ajay Shah (President) - Deepak K Shah (Chapter Coordinator) - Team 47 Pune Youth Forum

## શ્રી મગુના જૈન સંઘ

❁ મગુના જિનાલયના મુળનાયક શ્રી શાંતીનાથ ભગવાનની છત્રછાયામાં નિજ જેઠ સુદ ૩ ને તા.૧૭/૬/૨૬ ના બુધવારે ૫૦ આરાધકો ની હાજરીમાં ધ્વજરોહણ નો કાર્યક્રમ ધામધૂમથી ઉજવાયો. સવારે મણીનગર થી બસ દ્વારા સૌ નંદાસણ ખાતે દર્શન, નવકારસી કરી શ્રી મગુના મુકામે પહોંચ્યા જિનાલયમાં ૧૮ અભીષેક યોજાયા તેનો લાભ શ્રીમતી વિમળાબેન જયંતીલાલ શાહે લીધલો. ધ્વજા રોહણ નો કાર્યક્રમ ૧૨.૩૯ કલાકે ખુબજ સુંદર રીતે આનંદ અને હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો તેના લાભાર્થી શ્રીમતી લીલાવતીબેન બીપીનચંદ્ર પરિવાર તેમજ સાલગીરીના આખા દિવસ ના લાભાર્થી શ્રીમતી કોકીલાબેન ભાઈલાલભાઈ શાહ હતા મગુના માં સાલગીરી ની ઉજવણી બાદ સૌ મહુડી મુકામે દર્શન તથા ચૌવિહાર કરી અમદાવાદ પરત ફર્યા.

---

## શ્રી ઐઠોર જૈન સંઘ

❁ ઐઠોર જિનાલય માં મુળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે તેની ૩૩મી સાલગીરી પ્રસંગે સંવત ૨૦૮૨ નિજ જેઠ સુદ ૫ તા.૧૯/૦૬/૨૬ શુક્રવાર ના રોજ ૬૫ આરાધકો ની હાજરીમાં ભક્તિભાવપૂર્વક ધ્વજારોહણ નો કાર્યક્રમ સંપન્ન થયો સવારે ૬.૧૫ કલાકે પ્રભાતિયા,ગવાયા ૭.૧૫ કલાકે મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુની સેવ પૂજા કરી ત્યારબાદ લાભાર્થી શાહ ચીનુભાઈ ગીરધરલાલ પરિવાર તરફથી નવકારસી કરાવવામાં આવી તેમજ ૮.૪૫ કલાકે સમૂહ સ્નાત્ર તથા ૯.૨૭ કલાકે ધ્વજારોહણ નો કાર્યક્રમ ખુબજ સુંદર રીતે આનંદ અને હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો ૧૦.૦૦ કલાકે પંચકલ્યાણક પુજા ભણાવવામાં આવી જેના લાભ મહેતા રોહિતભાઈ વિઠ્ઠલદાસ પરિવારે લીધેલ લાભાર્થી શાહ મંગળાબેન સોમચંદદાસ પરિવાર તેમજ શ્રીમતી રેખાબેન વિનોદકુમાર પરિવાર બપોરે ૧૨ કલાકે સ્વામીવાત્સલ્ય નો લાભ લીધેલો. સાલગીરી ની ઉજવણી ખૂબ આનંદ અને ઉલ્લાસપૂર્વક કરવામાં આવી

---

## શ્રી મોઢેરા જૈન સંઘ

❁ સુર્યનગરી મોઢેરામાં જયાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ બિરાજમાન છે તે જીનાલયની ૧૦૭ મી સાલગીરી નિમિત્તે નિજ જેઠ સુદ બીજ/ ત્રીજ એમ દ્વિ દિવસિય વિશિષ્ટ અનુષ્ઠાન તથા ભાવનાનો પ્રોગ્રામ સંપન્ન થયો..આ મહોત્સવમાં ૩૫૦ થી વધારે ભાવિકોએ ઉપસ્થિત રહીને મનભરી માણ્યો. આ બંને દિવસના લાભાર્થી પરિવાર માતુશ્રી શારદાબેન ચીમનલાલ શાહ પરિવારે (મોઢેરાવાળા, હાલ : બોરીવલી) લીધેલ અને આ બે દિવસ મહોત્સવમાં શ્રી મોઢેરા જીવદયા પાંજરાપોળ સંસ્થાના ૭૦૦ થી વધારે પશુઓને લાડુનુ નીરણ (મો મીઠું) કરાવવામાં આવ્યું..અને સંઘના તમામ સભ્યોએ ભેગા મળી આ બે દિવસ ઉત્સાહભેર ઉજવણી કરી

ધાર્મિક સમાચાર

## શ્રી બોરિઆવી જૈન સંઘ

❁ શ્રી બોરીઆવી ગામના દેવાધિદેવ શ્રી વાસુપૂજ્ય સ્વામી ભગવાનનો ભવ્યાતિભવ્ય અને ભક્તિસભર વર્ષગાંઠ મહોત્સવ પરમ કૃપાળુ, ત્રણ કાળના તારણહાર પરમાત્માની અસીમ કૃપાથી, વિક્રમ સંવત ૨૦૮૨, દ્વિતીય જેઠ સુદ – ૬ ને શનિવારના મંગળકારી દિને, પુણ્યશાળી લાભાર્થી પરિવાર (સ્વ. કનુભાઈ માધવલાલ શાહ અને શ્રીમતી મંજુલાબેન કનુભાઈ શાહ પરિવાર)ના આંગણે જાણે સ્વર્ગ ઉતરી આવ્યું હોય તેવો એક અણમૂલ અને રૂડો અવસર ઉભરી આવ્યો હતો. આ શુભ દિને જગતના નાથ, શ્રી વાસુપૂજ્ય સ્વામી પરમાત્માના વર્ષગાંઠ મહોત્સવની અત્યંત હર્ષોલ્લાસ, ભક્તિના ઉમળકા અને ભારે ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી.

શ્રી વીસ વિહરમાન શ્રી સીમંધરસ્વામી પરમાત્મા, મહેસાણાની ધન્ય ધરાના વિશાળ હોલને નયનરમ્ય, મનમોહક અને આકર્ષક સુગંધીદાર પુષ્પોથી સુશોભિત કરી એક એવું દિવ્ય વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હતું, જાણે કે પ્રભુની ભક્તિ માટે સાક્ષાત દેવલોકની રચના થઈ હોય!

આ પાવન અને ઊર્જામય પરિસરમાં શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનની તસવીરો અત્યંત ભાવપૂર્વક પ્રસ્થાપિત કરવામાં આવી હતી. પ્રત્યેક પ્રભુ સમક્ષ ધૂપની ફોરમ, દીપનો ઝગમગાટ અને નૈવેદ્ય અર્પણ કરી, હૈયાના શુદ્ધ ભાવો અને અતૂટ શ્રદ્ધાપૂર્વક શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનનું મહાપૂજન પ્રભુના જયકાર અને મંત્રોચ્ચારના ગુંજારવ વચ્ચે અત્યંત નિર્વિઘ્નપણે સંપન્ન કરવામાં આવ્યું.

પૂજનની મંગળ પૂર્ણાહુતિ પશ્ચાત, પ્રભુની ભક્તિના આનંદમાં તરબોળ ઉપસ્થિત આશરે ૨૫૦ જેટલા સંઘના સભ્યો તથા આમંત્રિત મહેમાનો માટે સાધર્મિક ભક્તિના ઉત્કૃષ્ટ ઉદાહરણ સમાન સ્વામીવાત્સલ્યની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી. સૌએ સાથે મળીને અત્યંત સ્નેહપૂર્વક પ્રભુનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

આવા મંગળ અને દિવ્ય પ્રસંગે, લાભાર્થી પરિવારની આ ઉદાત્ત ધર્મભાવનાની હૃદયપૂર્વક અનુમોદના કર્તા, શ્રી બોરીઆવી સંઘ દ્વારા શ્રીમતી મંજુલાબેન તથા લાભાર્થી પરિવારના સુપુત્ર શ્રી વિજયભાઈ કનુભાઈ શાહ તથા પુત્રવધૂ બેલાબેન વિજયભાઈનું શાલ, પુષ્પમાળા અને શ્રીફળ અર્પણ કરી અત્યંત હર્ષ અને ભાવભર્યું બહુમાન કરવામાં આવ્યું હતું.

–શ્રી બોરીઆવી સંઘ

## બદલાયેલા સરનામા તેમજ આજીવન સભ્યપદ

**આજીવન સભ્યપદ અમદાવાદ**

**રોનક વિનોદચંદ્ર શાહ..........................(બોકરવાડા)**
A/202, સહજ સિલિકોન,વેજલપુર બસ સ્ટેન્ડ પાસે,
વેજલપુર, અમદાવાદ. મો. ૯૯૭૯૨ ૦૪૧૪૧

**બદલાયેલા સરનામા અમદાવાદ**

**ધવલભાઈ રજનીકાંત શાહ......................(બોકરવાડા)**
B - 1003, પંચશીલ નિહિર એપાર્ટમેન્ટ, ધન્વંતરિ ગાર્ડન પાસે,
શાંતિવન,પાલડી,અમદાવાદ ૩૮૦૦૦૭.
મો.૯૩૭૫૦ ૨૯૩૯૨, ૯૯૭૪૧ ૬૪૯૬૧

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

# સ્મૃતિ વંદના



## સ્વ. મુકેશભાઈ જમનાદાસ શાહ

અરિહંત શરણ તા.૧૮-૦૬-૨૦૨૪

**જેમની આગેવાનીમાં વડોદરા મંડળ**
**સમગ્ર જ્ઞાતિની એકતાના કાર્યો કરીને**
**અનોખું, આગવું અને ઊંચેરું બની રહ્યું**
**એવા અમારા મોભી**

**શ્રી મુકેશભાઈ જમનાદાસ શાહ** ને
તેમની
દ્વિતીય પુણ્યતિથિ એ
કોટી કોટી વંદન.

**શ્રી મહેસાણા જીલ્લા જૈન દશા શ્રીમાળી સુડતાળીસ જ્ઞાતિ મંડળ, વડોદરા**

ભરતભાઈ સોમચંદ શાહ, પ્રમુખ | પંકજભાઈ અમૃતલાલ શાહ, મંત્રી

**શ્રી મહેસાણા જીલ્લા જૈન દશા શ્રીમાળી સુડતાળીસ જ્ઞાતિ મહિલા મંડળ, વડોદરા**

જીજ્ઞાબેન કે. શાહ, પ્રમુખ | સુમિત્રાબેન વી. શાહ, ઉપ-પ્રમુખ | દિમીબેન આર. શાહ, મંત્રી

**સર્વે કારોબારી સભ્યો તથા વડોદરા મંડળના પરિવારજનો**

।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

# હાર્દિક શ્રધ્ધાંજલિ



## સ્વ. મુકેશભાઈ જમનાદાસ શાહ

જન્મ તારીખ: ૨૭-૦૮-૧૯૫૪
અરિહંત શરણ તા.૧૮-૦૬-૨૦૨૪

**અમારા અંતરિક્ષમાંથી**
**એક સૂરજ આથમી ગયો**
**પણ એનો ઉજાસ**
**સામાજિક, ધાર્મિક અને વ્યાવસાયિક**
**જગતમાં અજવાળા પાથરતો ગયો.**

**એમના પગલે ચાલવાનો**
**અમારો પ્રયત્ન**
**એજ**
**એમને સાચી શ્રદ્ધાંજલિ બની રહો.**

**શ્રી મુકેશભાઈના દિવ્ય ઉજાસ ને વંદન.**

વિભાબેન મુકેશભાઈ શાહ (પત્ની)

અમિત મુકેશભાઈ શાહ (પુત્ર) સુરભીત મુકેશભાઈ શાહ (પુત્ર)
અમી અમિત શાહ (પુત્રવધૂ) ક્રીમા સુરભીત શાહ (પુત્રવધૂ)

જેનીશા | વિહાન | વિહાના | માયરા | આહના

PAVILION HEIGHTS
Promoted by PADMAVATI HOUSING CORPORATION Building Dreams Since 1980
REKVINA PHARMACEUTICALS Because Health Matters
RADIANT PARENTERALS LTD

# અવસાન-શ્રધ્ધાંજલિ




**ધીરજલાલ ચીમનલાલ શાહ**
ગામ : ગાંભુ
હાલ : પુના
સ્વ.તા. ૦૪-૦૬-૨૦૨૬ ગુરુવાર



**શ્રી હર્ષદભાઈ બાબુલાલ શાહ**
ગામ : વડાવલી
હાલ : મલાડ-મુંબઈ
સ્વ.તા. ૧૧-૦૬-૨૦૨૬ ગુરુવાર



**મધુબેન રમણલાલ શાહ**
ગામ : દેલોલી
હાલ : કાંદિવલી- મુંબઈ
સ્વ.તા. ૧૩-૦૬-૨૦૨૬ શનિવાર



**શ્રી સુરેશચંદ્ર રતિલાલ શાહ**
ગામ : પીંઢારપુરા
હાલ : અમદાવાદ
સ્વ.તા. ૨૦-૦૬-૨૦૨૬, શનિવાર

આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના

## શ્રી સુડતાળીસ જ્ઞાતિ જૈન સોશ્યલ ગ્રુપ (મલાડ-ગોરેગામ)

### કારોબારી કમિટી

જત ઉપરોક્ત સંસ્થા દ્વારા તા.૦૭-૦૬-૨૦૨૬ને રવિવારના રોજ બપોરના ૩-૩૦ કલાકે એન્યુઅલ જનરલ મિટીંગ રાખવામાં આવી હતી. જેમાં નીચે જણાવેલ કારોબારી કમિટીની ૩ વર્ષ માટે (તા.૦૧-૦૪-૨૦૨૬ થી તા.૩૧-૦૩-૨૦૨૯) રચના કરવામાં આવી હતી.

| | | | |
|---|---|---|---|
| | સલાહકાર : | શ્રી વિનોદભાઈ ભોગીલાલ શાહ | ઊંડણી |
| ૧ | પ્રમુખ શ્રી | શ્રી મુકેશભાઈ ભોગીલાલ શાહ | ઊંડણી |
| ૨ | ઉપ પ્રમુખશ્રી | શ્રી બિપીનભાઈ બાબુલાલ શાહ | રણુંજ |
| ૩ | મંત્રી શ્રી | શ્રી સેવંતીલાલ કાન્તીલાલ શાહ | લણવા |
| ૪ | સહ મંત્રીશ્રી | શ્રી ભરતભાઈ અમૃતલાલ શાહ | કમાણા |
| ૫ | સહ મંત્રીશ્રી | શ્રી ડૉ. હેમંતભાઈ નરોત્તમદાસ શાહ | મણુંદ |
| ૬ | ખજાનચીશ્રી | શ્રી અરવિંદભાઈ ભોગીલાલ શાહ | ઊંડણી |
| ૭ | સહ ખજાનચી | શ્રી જતીનભાઈ હસમુખલાલ શાહ | ઉનાવા |
| ૮ | કારોબારી સભ્ય શ્રી | શ્રી ચેતનકુમાર મણીલાલ શાહ | મણુંદ |
| ૯ | કારોબારી સભ્ય શ્રી | શ્રી મુકેશભાઈ સેવંતીલાલ શાહ | ભાલક |
| ૧૦ | કારોબારી સભ્ય શ્રી | શ્રી દિનેશભાઈ રતીલાલ શાહ | કહોડા |
| ૧૧ | કારોબારી સભ્ય શ્રી | શ્રી આશિષભાઈ ભરતભાઈ શાહ | ઉનાવા |
| ૧૨ | કારોબારી સભ્ય શ્રી | શ્રી અમીતભાઈ પ્રકાશભાઈ શાહ | ઉનાવા |
| ૧૩ | કારોબારી સભ્ય શ્રી | શ્રી અશ્વીનભાઈ અમૃતલાલ શાહ | ઉનાવા |


## પરિવાર પત્રિકા

### જાહેરાતના ભાવ

- ટાઈટલ-૪ (છેલ્લું પેઈજ)..............................રૂા.૪૦૦૦/-
- ટાઈટલ-૩ (છેલ્લેથી અંદરનું પેઈજ)........................રૂા.૩૫૦૦/-
- (ટાઈટલ ૩ અને ૪ આર્ટપેપરમાં છપાશે)
- ઓર્ડીનરી એક પેઈજ..............................રૂા.૩૦૦૦/-
- ઓર્ડીનરી અડધું પેઈજ..............................રૂા.૨૦૦૦/-
- ઓર્ડીનરી પા પેઈજ..............................રૂા.૧૫૦૦/-
- ફક્ત કોમર્શીયલ જાહેરાત 6cm x 9 cm....................રૂા.૬૦૦/-
- જન્મદિનની વધામણીની શુભેચ્છા જાહેરાત....................રૂા.૨૫૦/-
- સરનામા ફોન નંબરમાં ફેરફારની જાહેરાત....................રૂા.૧૦૦/-

A/c Name : Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal, Ahmedabad.
Bank : State Bank of India, Vasna, Ahmedabad.
A/c No. : 32075835516 ● IFSC : SBIN0002684


## પરિવાર પત્રિકા

### પરિવાર પત્રિકા અને હોલ બુકિંગ અંગેની અગત્યની માહિતી

છેલ્લા ૨૨ વર્ષથી આપ સૌ પરિવાર પત્રિકા માસિકના માધ્યમથી દેશ-વિદેશમાં વસતા જ્ઞાતિજનો અને સમગ્ર સમાજની સાથે આત્મીય સંબંધોથી સંકળાયેલા છો.

જેમાં કોર્મશિયલ જાહેરાત
ફક્ત રૂ. ૬૦૦/-માં

આપ આપના વ્યવસાયની, કાર્યક્ષેત્રની માહિતી ૬ (ઊંચાઈ) × ૯ (પહોળાઈ) સે.મી. માં પ્રગટ કરી શકો છો. આ ઉપરાંત ક્વાર્ટર પેજ, હાફ પેજ અને ફુલપેજ જાહેરાત પણ આપી શકાય.

દેશ-વિદેશમાં વસતા સભ્યો અને તેમના પરિવારોને આપની માહિતીથી વાકેફ કરી શકો છો. તેઓ પોતાની જરૂરિયાત માટે આપનો સંપર્ક સાધી પોતાનું કાર્ય આસાન કરી શકે છે.

આ માત્ર ધંધાદારી લાભ લેવા માટે નથી. એકબીજાની જરૂરિયાતો પૂરી કરવા માટેનો અભિગમ છે.

---

નાના-મોટા સારા-નરસા પ્રસંગો માટે અમદાવાદ જ્ઞાતિ મંડળનો વાસણા ખાતેનો સંસ્કૃતિક ભવન (A.C.) હોલ સમગ્ર જ્ઞાતિના દરેક સભ્યો માટે કન્સેશન દરે ઉપલબ્ધ.

માહિતી/બુકિંગ માટે સંપર્ક :
મંડળ હેલ્પલાઇન: ૭૦૪૬૬૦૨૩૭૫

વધુ ને વધુ લોકો ઉપરોક્ત સેવાનો લાભ લેશો

**માણસ ઈશ્વર પાસે પૈસો માંગે છે,**
**જે ઈશ્વરની રચના નથી.**
**છતાં ઈશ્વર માણસને પૈસો આપી દે છે**
**અને શાંતિ લઈ લે છે, જે ઈશ્વરની રચના છે.**

# અમારા હૃદયમાં સદાય જીવંત



## સુરેશચંદ્ર રતિલાલ શાહ (પીંઢારપુરા)

**જન્મદિવસ: 22 એપ્રિલ 1947 અરિહંત શરણ: 20 જૂન 2026**

### પપ્પા... તમારી યાદ ખૂબ આવશે...

સવારે નવકાર મંત્રની ધૂન સાથે તમે જે દીવો કરતા હતા, એ દીવો જ્યારે કરીશું ત્યારે તમારી યાદ આવશે,
દેરાસરના રંગમંડપમાં તમારી નિશ્ચિત જગ્યાએ બેસીને નવકારવાળી ગણતા હતા, એ જગ્યા જોઈશું ત્યારે તમારી યાદ આવશે.

ઘરના સોફા પરની તમારી એ ફિક્સ જગ્યા જ્યારે ખાલી જોઈશું, ત્યારે તમારી યાદ આવશે,
તમારાથી ક્યારેય દૂર ન થતા તમારો મોબાઇલ, ચશ્મા અને હિયરિંગ એડ જોઈશું, ત્યારે તમારી યાદ આવશે,
તમારી મુખવાસની ખાલી પડેલી ડબ્બીઓ,સાકર-શરબતની એ મીઠાશમાં આજે પણ તમારો પ્રેમ અનુભવાશે... અને તમારી યાદ આવશે,
તમારી સાથે પીધેલી ચા, અને "ચાને તો કોઈ દિવસ ના ન પડાય!" એમ મજાકમાં કહેતા તમે... ખૂબ યાદ આવશો.

દર રવિવારે દેરાસરેથી પરત ફરતા તમે લાવતા એ ફરસાણની થેલી યાદ આવશે,
અમારા જન્મદિવસ કે એનિવર્સરીના દિવસે રાત્રે ૧૧:૫૮ વાગ્યે સૌથી પહેલો આવતો તમારો વોટ્સએપ સંદેશ યાદ આવશે.

વંશ, સ્વીની અને મંત્રની દરેક સફળતા પર "શાબાશ" કહીને પ્રેમથી ધબ્બો મારતા તમે ખૂબ યાદ આવશો, તેમના માટે લવાતી તમારી ચોકલેટ પણ યાદ આવશે, તેમની સાથે રમતાં રમતાં તમે પોતે પણ બાળક બની જતા, એ ક્ષણો હંમેશા યાદ આવશે.
નીક્કી અને પૂર્વીને તમે ક્યારેય વહુ નહીં, પરંતુ દીકરી કહીને સંબોધતા, તમારો એ નિ:સ્વાર્થ પ્રેમ અને લાગણી હંમેશા યાદ આવશે.

અવારનવાર મોબાઇલમાં કોઈ સેટિંગ બદલાઈ જાય અને પછી અમને બોલાવીને તેને ઠીક કરાવતા, એ તમારી મીઠી આદત યાદ આવશે,
તમારી સેલ્ફીઓ, પરિવાર સાથેના ફોટા પડાવવાનો તમારો ઉત્સાહ અને દરેક ખુશીની ક્ષણને યાદોમાં સાચવી રાખવાનો તમારો એ શોખ ખૂબ યાદ આવશે.

વારે-તહેવારે તમારા શર્ટના ઉપરના ખિસ્સામાં રહેલું એ આશીર્વાદરૂપ કવર યાદ આવશે,
દિવાળીના પાવન દિવસે તમારી ખુરશી પર બેસીને અમને પૂજનની વિધિ શીખવાડતા તમે યાદ આવશો.

તમારો શાંત સ્વભાવ, ઠંડું મગજ, લાગણીસભર હૃદય અને પરિવાર પ્રત્યેનો અતૂટ પ્રેમ હંમેશા અમારી સાથે રહેશે.
પપ્પા, તમે ભલે આજે અમારી વચ્ચે નથી, પરંતુ તમારા સંસ્કાર, તમારા આશીર્વાદ અને તમારી યાદો અમારા દરેક શ્વાસમાં જીવંત રહેશે.
તમે બહુ ઓછું બોલતા પણ તમે શબ્દોથી ઓછા અને લાગણીઓથી વધુ જીવતા હતા... એ જ તમારી સૌથી સુંદર ઓળખ હતી.

**તમારી ખોટ ક્યારેય પૂરી નહીં થાય...પપ્પા...તમારી યાદ ખૂબ આવશે...**

| | | |
|---|---|---|
| મનીષ | નૈનેષ | દક્ષા |
| નીક્કી | પૂર્વી | વિજયકુમાર |

**આશય,અક્ષત,વંશ,સ્વીની,મંત્ર**
**અને સમગ્ર વતન પરિવાર**

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.



## શ્રધ્ધાંજલિ



# અ.સૌ. લીલાવતીબેન સૂર્યકાંતભાઈ શાહ

( ભાલક- હાલ પુના)

જન્મ તારીખ : ૧૮-૯-૧૯૪૩ • અરિહંત શરણ : ૧૭-૫-૨૦૨૬

પરિવાર જેનું મંદિર હતુ, સ્નેહ જેની શક્તિ હતી પરિશ્રમ જેનું કર્તવ્ય હતું,
પરમાર્થ જેની ભકિત હતી. ધર્મ કદી ભુલ્યા નહી, વ્યવહાર કદી ચુક્યા નહી,
પરિવાર માટે ફૂલો પાથરી ગયા,
એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના

## સૂર્યકાંતભાઈ ચુનીલાલ શાહ • પ્રકાશચંદ્ર ચુનીલાલ શાહ

મા, તમારા વગરનું જીવન કલ્પવું પણ મુશ્કેલ છે.
તમે આપેલી શીખ અને સંસ્કારો જ અમારી મૂડી છે. શત શત નમન.

પંકજ સૂર્યકાંતભાઈ શાહ
અલ્પાબેન પંકજ શાહ
રિદધી પંકજ શાહ

મનોજ સૂર્યકાંતભાઈ શાહ
(USA)
અર્ચના મનોજ શાહ
કીયા મનોજ શાહ
કિયાન મનોજ શાહ

હિતેશ પ્રકાશચંદ્ર શાહ
(Bangkong)
નેહા હિતેશ શાહ
ગ્રીશા હિતેશ શાહ

કલ્પનાબેન દેવેન્દ્રકુમાર શાહ (બોદલા)
નીતાબેન અભયકુમાર શાહ (પીંઢારપુરા)
આશાબેન સંજયકુમાર શાહ (લણવા)

—:પિયરપક્ષ :—

શ્રી ધુળીદાસ નથુભાઈ શાહ પરિવાર (દેણપ)

ફર્મ : મહારાષ્ટ્ર સ્ટેશનર્સ

નિવાસ સ્થાન : સૂર્યકાંત ચુનીલાલ શાહ, ૮-૩૦૨ , કુમારપુરમ, ૭૦૭, મુકુંદનગર, પુણે-૩૭

પરિવાર પત્રિકા

Printed and Published by BAKUBHAI CHHAGANLAL GANDHI on behalf of SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : mahesana_jainprant@yahoo.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset , Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
Dipti Advertisers, 3rd Floor, P K House, B/h. M. J. Library, Ellisbridge, Ahmedabad-6. Editor - BAKUBHAI CHHAGANLAL GANDHI